# તીર્થયાત્રા પ્રાસ્તાવિક

અનાદિ અનંત કાળથી સંસારમાં અટવાતા જીવો માટે તીર્થ એ ભવસમુદ્રમાંથી પાર ઉતારનાર જહાજ છે.

સંસારસમુદ્રથી તારે એ તીર્થ.

તીર્થના બે પ્રકાર છે : (૧) સ્થાવર તીર્થ (૨) જંગમ તીર્થ.

સ્થાવર તીર્થ પાસે આપણે જવું પડે છે. આ તીર્થો તીર્થંકર પરમાત્માની કલ્યાણકભૂમિઓ, પ્રાચીન જિનબિંબોના પ્રભાવો અને શાસન પ્રભાવના–રક્ષા આદિના પ્રસંગ વિશેષથી બને છે.

જંગમ તીર્થ વીતરાગ શાસનના નિર્ગ્રંથ પૂજ્ય આચાર્ય ભગવંત, સાધુ સાધ્વી ભગવંતો છે.

શ્રાવકો માટે વાર્ષિક કર્તવ્યમાં 'યાત્રાત્રિક'નું વિધાન છે. આ યાત્રાત્રિકમાં શ્રાવકે વર્ષમાં એક વાર અવશ્ય કોઈ પણ તીર્થની યાત્રા કરી પોતાના સમ્યક્દર્શન ગુણને નિર્મળ, પુષ્ટ કરવો જોઈએ. આ દ્વારા ગુણપ્રાપ્તિ કરી સ્વપર કલ્યાણ દ્વારા પરમપદની પ્રાપ્તિ કરી સંસારસમુદ્રને પાર કરી શકાય છે.

જ્યાં આગળ પરમ પવિત્ર તીર્થંકરો વિચર્યા હોય, આત્મસાધના પોતાનાં અપૂર્વ વીર્યોલ્લાસપૂર્વક આરાધી હોય અને આત્મજ્યોત પ્રગટાવી હોય, તેઓનાં પગલે ચાલીને અનંતા આત્માઓ તેવી ભૂમિઓમાં વિહાર કરીને આત્માની શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી હોય તેમના સ્પર્શથી તેવી ભૂમિઓ તથા પૃથ્વીનાં દરેક રજકણો પવિત્ર બન્યા હોય અને પોતાના આત્માનું પરમ શ્રેય પ્રાપ્ત

કરવાં, તેવા મહાત્માઓના પુનિત પગલાંથી પાવન બનેલી ધરતીને, પોતાનાં તન-મન અને ધનથી, મહાત્માઓનાં પૂજવા, વંદન કરવા સ્થાનકો રચ્યાં અને સમય તથા કાળનાં પ્રવાહની સાથે વહેતાં વહેતાં 'તીર્થ સ્વરૂપ' કહેવાયાં. કારણ કે તે તીર્થનાં પુદ્‌ગલો અતિ પાવન હતા અને સમુદ્રની લહેરોની જેમ હવામાં વહેતાં હતાં. તેમ જ અતીન્દ્રિય જ્ઞાની મહાત્માઓનાં ભાષા-વર્ગણાના પુદ્‌ગલો ત્યાંની હવામાં, જેમ આકાશમાં મેઘ અવિરત ગતિ કરે છે, તેમ ગતિ કરતાં હતાં. આ રજકણો પુદ્‌ગલોનો સ્પર્શ પામીને, આવાં તીર્થોમાં આવીને તે મહાપુરુષોએ સ્વ કલ્યાણ સાધીને, તીર્થોનું મહત્વ ઘણું જ વધારી દીધું છે. આપણે પણ સ્વ કલ્યાણ સાધવા માટે આવા પ્રશાંત, નિર્મળ અને પાવન પુદ્‌ગલોની સરિતા જ્યાં વહેતી હોય તેવા તીર્થ સ્થાનોની યાત્રા કરવી જોઈએ. ભારત દેશનાં પૂર્વનાં રાજ્ય બિહાર તથા ઝારખંડમાં સૌથી વધુ કલ્યાણકો થયાં છે, અને કહેવાય છે કે તીર્થંકરોનાં પવિત્ર પરમાણુઓનો પ્રભાવ હજુ પણ ત્યાં હાજર છે.

શાસ્ત્રકારો 'શક્તિ સંપન્ન શ્રાવકો કદી એકલા તીર્થયાત્રા ન કરે. શક્ય હોય તો પોતાના ઉપકારી, આશ્રિત, પાલ્યો અને સાધર્મિકને સાથે લઈ તીર્થ યાત્રા કરે.' તેમ ફરમાવે છે.

શ્રાવકોની યાત્રા અનંત પુણ્યરાશિના સંચય કરવાવાળી, અનંત ગુણની પ્રાપ્તિ દ્વારા પરમ પદને પ્રાપ્ત કરાવવા વાળી બને તે જ અભ્યર્થના.

સંપાદક